સંક્ષિપ્ત સમાચાર

ઉદયન કેર દ્વારા સુરતમાં મહિલા દિવસની ઉજણી કરવામાં આવી

સુરતઃ ઉદયન કેર, સુરત ચેપ્ટરે મહિલા દિવસની ઉજવણી કરી હતી. જેમાં કરુણ કવિતાથી શરૂઆત કરવામાં આવી હતી. બાદમાં સંગીતા પરમાર, આંતરરાષ્ટ્રીય સ્ટ્રેન્થ લિફ્ટિંગ ચેમ્પિયન, ડો. ઋતંભરા મહેતા-મનોચિકિત્સા વિભાગના એમડી, એએસઆઈ વૈશાલી દેવરે- ક્રાઈમ બ્રાન્ચ SHE ટીમ સુરત, એએસઆઈ મનીષા પાટિલ-મહિલા સેલ પોલીસ સ્ટેશન. મોહિની નાયક-રોબિનહૂડ આર્મી સુરત દ્વારા ચર્ચાઓ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ઉદયનની શાલિનીઓની પ્રતિભાનું પ્રદર્શન બેવડા પ્રદર્શન દ્વારા કરવામાં આવ્યું અને તેનો અંત ગરબા, મહેંદી અને ટેટૂ સાથે થયો. માર્ગદર્શકો અને માતાઓને તેમના સમર્થન બદલ પ્રશંસા કરવામાં આવી.

પંચમ્ ગ્રુપનો શશી કપૂર-શર્મિલા ટાગોરનાં ફિલ્મી ગીતોની સ્પર્ધાનો કાર્યક્રમ યોજાયો

સુરતઃ 'ગા મેરે મન ગા' શ્રેણી અંતર્ગત પંચમ ગ્રુપ દ્વારા અભિનેતા શશી કપૂર અને અભિનેત્રી શર્મિલા ટાગોરના ફિલ્મી ગીતોની સ્પર્ધાના ૩૬૩મો જાહેર કાર્યક્રમ ૮મી માર્ચના રવિવારે સ્વરાંગન સ્ટુડિયોમાં યોજાયો હતો. વિજેતાઓને પારિતોષક આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વિજેતાઓમાં એડવોકેટ વસંત રાઠોડ, અશોક શેઠિયા, અનિલ દલાલ, અમીષ માણેક, કિરણ પંચાલ, અનિલ દલાલ, શીતલ વકીલવાલા, મોનિકા ભારતી, નીના ચિંચગર, અરવિંદ સિરસાથ, સ્મિતા મેહતા, ડો નરેશ પટેલ, મીનળ માણેક, પ્રકાશ પટેલ, શ્રીરામ કર્ણિક અને નૈષધ શુક્લે ભાગ લીધો હતો. નિર્ણાયક તરીકે ગુંજન વૈદ્ય અને સુરેન્દ્ર કાપડીયાએ સેવા આપી હતી. પારિતોષિકની વ્યવસ્થા પંચમ ગ્રૂપે કરી હતી. કાર્યક્રમનું સંચાલન જય વ્યાસે કર્યું.

મલ્હાર પરિવાર દ્વારા સંગીત સંધ્યા સાથે વુમન્સ ડેની ઉજવણી કરાઈ

સુરતઃ સુરતના જાણીતા મલ્હાર પરિવાર દ્વારા વુમન્સ ડે નિમિત્તે ગીતાંજલી સ્ટુડિયો ખાતે સુર શક્તિ સંગીત સંધ્યા યોજાઈ હતી. જેમાં 25 બહેનોએ ભાગ લીધો હતો. દરેકને ગિફ્ટ આપી સન્માનિત કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆત મલ્હાર પરિવારના ફાઉન્ડર મનહર ચૌહાણે ગણેશ વંદનાથી કરી હતી. વ્યારાથી ત્રણ બહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.. મલ્હાર પરિવારની એડમિન ટીમના મનહર ચૌહાણ, મનીષ ચાવડા, કેતન દેસાઈ, ઉમેશ રામવાળા, ધર્મેશ મિસ્ત્રી, નિખિલ શેઠની અથાગ મહેનત રંગ લાવી હતી. આ પ્રસંગે સુરતના એસીપી આહિર હાજર રહ્યા હતા.

શ્રી ધનવંતરી ફાર્મસી કોલેજમાં ટ્રાન્સ ગ્લોબ ગ્લોબલ એજ્યુકેશનનો કાર્યક્રમ યોજાયો

સુરતઃ ધનવંતરી ફાર્મસી કોલેજ, કિમ દ્વારા દ્વારા 6 માર્ચ 2026ના રોજ ટ્રાન્સ ગ્લોબ ગ્લોબલ એજ્યુકેશન સ્પેશિયાલિસ્ટ, સુરતના સહયોગથી B.Pharm વિદ્યાર્થીઓ માટે કેરીઅર ગાઈડન્સ એન્ડ કાઉન્સેલિંગ સેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય શિક્ષણની તકો, પ્રવેશ પ્રક્રિયા. સ્કોલરશિપ વિકલ્પો તથા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ પછી ઉપલબ્ધ કારકિર્દી સંભાવનાઓ અંગે જાગૃતિ આપવામાં આવી. વિદેશી યુનિવર્સિટીઓના પ્રતિનિધિઓએ વિવિધ દેશોમાં ઉપલબ્ધ પોસ્ટગ્રેજ્યુએટ કાર્યક્રમો અંગે વિગતવાર માહિતી આપી. તેમણે પ્રવેશ માટેની લાયકાત, અરજી કરવાની પ્રક્રિયા તેમજ વિદેશમાં અભ્યાસ માટે જરૂરી વિઝા પ્રક્રિયા વિશે પણ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું હતું.

ઉધના ભીડભંડન મહાદેવના મહંત દ્વારા મહિલા દિનની ઉજવણી કરવામાં આવી

સુરતઃ ગત તા. 8 મી માર્ચ, 2026, રવિવારના રોજ આંતરાષ્ટ્રીય વિશ્વ મહિલા દિવસ નિમિત્તે મહંત જયેશભાઈ એચ ભટ્ટ (શ્રી ભીડભંજન મહાદેવ તથા બળિયા બાપજી મંદિર, ઉધનાગામ) દ્વારા મહિલા સન્માનનો કાર્યક્રમ બમરોલી વિસ્તારમાં આવેલી સંત શ્રી રઘુવરદાસ સ્કૂલ, દેવેન્દ્રનગર-4 , ગોવાલકના પ્રાંગણમાં યોજવામાં આવ્યો હતો. જેમાં સુરત શહેર મહિલા કોંગ્રેસના પ્રમુખ મમતાબેન સવાણી, સુરત ડિસ્ટ્રીક્ટ મહિલા સંઘના પ્રમુખ અને જાણીતા સામાજિક કાર્યકર ઝહેરાબેન સાયકલવાળા, સંસ્થાના સ્થાપક સંત રઘુવરદાસજી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રી આશિષ રાયજી હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં સમગ્ર વિશ્વની જાણીતી અને ક્રાંતિકારી મહિલાઓના સામાજિક પ્રદાન અને તથા તેમના સંઘર્ષમય જીવનને યાદ કરવામાં આવ્યા હતા તેમજ વિશિષ્ટ ઉપલબ્ધિ પ્રાપ્ત કરનાર મહિલાઓને તથા બાલિકાઓને ટ્રોફી આપી સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન શાળાના સિનિયર શિક્ષક નાયક દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શાળાના ટ્રસ્ટી સદાનંદ યાદવજી, મોહનભાઈ કનોજીયા , શાળાની શિક્ષિકા બહેનઓએ જહેમત ઉઠાવી હતી.

ડિંડોલીના ઉમિયા માતા મંદિરનો અગિયારમો પાટોત્સવ ઉજવાયો

સુરતઃ ઉમાપુરમ, ડિંડોલી ખાતે માં ઉમિયા માતાજી મંદિરના અગિયારમાં પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડિંડોલીમાં રહેતા ભક્તો દ્વારા મોટી સંખ્યામાં હાજરી આપવામાં આવી હતી. પાટોત્સવ નિમિત્તે મંદિરના પ્રાંગણમાં નવચંડી યજ્ઞ પણ યોજાયો હતો.

આંજણા આવાસમાં ચાર મહિનામાં જ પાણી લીકેજ

સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને હક્કનું ઘર આપવા માટે શરૂ કરાયેલી આવાસ યોજનામાં અંજણા વિસ્તારમાં બનાવાયેલા ટેનામેન્ટમાં રહેતા રહીશો મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. અંજણા વિસ્તારમાં ટીપી સ્કીમ નં.7ના ફાઈનલ પ્લોટ નં.98 ખાતે "પબ્લિક હાઉસિંગ યોજના-2016" હેઠળ બનાવાયેલા ફ્લેટોમાં રહેવા આવેલા લાભાર્થીઓએ બિલ્ડિંગની ગુણવત્તા અંગે ગંભીર આક્ષેપ કર્યા છે.

આ ફ્લેટોનો ડ્રો 7 ડિસેમ્બર-2025ના રોજ કરવામાં આવ્યો હતો અને છેલ્લા ચાર મહિનામાં જ અહીં રહેવા આવેલા રહીશો સમસ્યાઓથી કંટાળી ગયા છે. હાલમાં અંદાજે 50 ટકા જેટલા પરિવારો અહીં રહેવા આવ્યા છે. રહીશોના કહેવા મુજબ ફ્લેટની અંદર અને કોમન એરિયામાં પાણીના લીકેજની સમસ્યા ઊભી થઈ છે. દીવાલો અને છત પરથી પાણી ટપકવાના કારણે નવા બાંધકામની ગુણવત્તા અંગે સવાલો ઊભા થયા છે. રહીશોએ વધુમાં જણાવ્યું હતું કે, બાથરૂમ, શૌચાલય અને પાઈપલાઈનનું પ્લમ્બિંગ કામ નબળી ગુણવત્તાનું હોવાથી વારંવાર ચોક-અપ અને લીકેજ થાય છે. અનેક ફ્લેટોમાં બારી-બારણાં, ઈલેક્ટ્રિક બોર્ડ અને વાયરિંગમાં પણ ખામીઓ હોવાના આક્ષેપ કરવામાં આવ્યા છે. ઉપરાંત ફાયર સેફ્ટીનું કામ પૂર્ણ થયું નથી અને લિફ્ટમાં વારંવાર ટેકનિકલ ખામી સર્જાય છે. આ તમામ સમસ્યાઓ અંગે મોટી સંખ્યામાં રહીશોએ ભેગા મળી મનપા કમિશનરને આવેદન પાઠવી સ્થળનું નિરીક્ષણ કરી ગેરંટી પિરિયડ હેઠળ કોન્ટ્રાક્ટર પાસેથી તાત્કાલિક મરામત કામગીરી કરાવવાની માંગ કરી છે.

ડુમસમાં બંગલો વેચવાના નામે અઢી કરોડની ઠગાઈ કરનાર ઝડપાયો

સુરતઃ હરીઓમ બંગ્લોઝમાં રહેતા રીશી રાજેશકુમાર કાપડીયા (ઉ.વ.૩૬) વ્યવસાયે સોફ્ટવેર એન્જિનિયર છે. તેમની જ સોસાયટીમાં રહેતા આરોપી રાજેન્દ્રકુમાર માધવલાલ વખારીયાએ પોતાનો બંગલો નં. ૧૯૫-૧૯૬ વેચવાનું નક્કી કર્યું હતું. જે પેટે આરોપીઓએ ૯૬ લાખ રોકડ આપ્યા હતા. આ રીતે આરોપીએ કુલ ૨.૨૧ કરોડ મેળવી લીધા હતા. આ દરમિયાન ૧૫ માર્ચ ૨૦૨૫ના રોજ બંગલાના દસ્તાવેજ કરવાની તારીખ નક્કી કરવામાં આવી હતી. પરંતુ તે દિવસે આરોપી રાજેન્દ્રકુમારે અચાનક ડીલ રદ હોવાનું કહી નાણાં પરત કરવાની વાત કરી હતી ત્યાર બાદ પણ નાણા નહીં ચૂકવતા મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો છે.

ખજૂરાવાડીની ખોલીઓ પર કબજાનો પ્રયાસ, આઠ સામે ગુનો

રૂ.૭૦ લાખની મિલકત હડપ કરવાની કોશિશ કરી

સુરતઃ ખજૂરાવાડી વસાહતમાં ખોલીઓના ખોટા દસ્તાવેજ તૈયાર કરી રૂ.૭૦ લાખથી વધુ કિંમતની મિલકત પર કબજો કરવાની કોશિશ કરનાર આઠ આરોપી સામે લાલગેટ પોલીસ મથકમાં ગુનો નોંધાયો છે.

મરજાનસામી રોડ, કોલીવાડમાં રહેતા વેપારી મોહમદ ફીરોઝ અબ્દુલ મજીદ મુનશીની (ઉ.વ.૫૩) ખજૂરાવાડીમાં કેટલીક ખોલીઓ આવેલી છે જેની કિંમત અંદાજે રૂ.૭૦ લાખથી વધુ છે. આરોપીઓ શાહેદાબાનુ મોહમદ ઐયુબ કુરેશી, યાકુબ મુસા મંસુરી, રાસીદાબીબી ગુલાબખાન પઠાણ, યુસુફ ભીખન શેખ, ઐયુબ ભીખન શેખ, ફારુક અબ્દુલ રહીમ શેખ, મુમતાજબાનુ ઈમ્તિયાઝખાન તેમજ રાસેદાબાનુ મહંમદ હનીફ શેખે ખોલીઓના કહેવાતા પાવરદાર નટવરલાલ મગનલાલ ઘીવાળાના નામે ભાડાચીઠ્ઠી તૈયાર કરી હતી. તેમાં માલિક તરીકે સહી કરાવવાની જગ્યાએ સ્વ. દિનેશ નટવરલાલ ઘીવાળા તથા હાલ જીવિત ધર્મેશ દિનેશભાઈ ઘીવાળાની સહી કરાવી હોવાનું અથવા ખોટી સહીઓ કરી દસ્તાવેજો તૈયાર કરી તેના આધારે ખોલીઓ પર પોતાનો હક દર્શાવી કબજો જમાવવાનો પ્રયાસ કર્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આ સમગ્ર મામલો વર્ષ ૧૯૯૫થી ચાલી રહ્યો હોવાનું પણ સામે આવ્યું છે.

ગુજરાતમાં મોટા ભાગની સરકારી યોજનામાં ભ્રષ્ટાચારઃ કેજરીવાલ

આપના રાષ્ટ્રીય સંયોજક કેજરીવાલે સુરતમાં ગોથાણ બ્રિજ વિસ્તારમાં જાહેરસભાને સંબોધી ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો

સુરતઃ મોટા વરાછાના દુખિયાના દરબાર નજીક ગોથાણ બ્રિજ વિસ્તારમાં યોજાયેલી આમ આદમી પાર્ટીની જાહેરસભામાં પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ભાજપ સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે આક્ષેપ કર્યો હતો કે ગુજરાતમાં વેપાર, રોજગાર, સ્કૂલ, હોસ્પિટલ, રસ્તા અને નરેગા જેવી યોજનાઓમાં પણ ભ્રષ્ટાચાર થયો છે અને રાજ્યના લોકો સરકારથી નારાજ છે.

ગુજરાત પ્રવાસે આવેલા કેજરીવાલે જણાવ્યું હતું કે, સમગ્ર રાજ્યના ખેડૂતોમાં ભારે અસંતોષ છે. બોટાદમાં કડદા પ્રથા સામે શાંતિપૂર્ણ પ્રદર્શન કરનારા ખેડૂતો પર પોલીસ લાઠીચાર્જ કરી તેમને જેલમાં નાંખવામાં આવ્યા હતા, જેના કારણે ખેડૂતોમાં ભારે ગુસ્સો છે. આવનારી ચૂંટણીમાં ખેડૂતો ભાજપને જવાબ આપશે તેવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી.

કેજરીવાલે વધુમાં કહ્યું હતું કે નરેગા યોજનામાં ભ્રષ્ટાચાર સામે અવાજ ઉઠાવનાર 'આપ'ના ધારાસભ્ય ચૈતર વસાવા સહિતના નેતાઓ પર ખોટા કેસ કરી તેમને જેલમાં મૂકવામાં આવ્યા હતા. સરકાર વિરુદ્ધ અવાજ ઉઠાવનારાઓને દબાવવા પ્રયત્ન કરવામાં આવે છે એવો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. દારૂ અને ડ્રગ્સ મુદ્દે કેજરીવાલે જણાવ્યું હતું કે, ગુજરાતમાં નકલી દારૂ અને નશીલા પદાર્થોના કારણે અનેક પરિવારો બરબાદ થઈ રહ્યા છે. સરકાર આ સમસ્યાઓ પર કાબૂ મેળવવામાં નિષ્ફળ રહી હોવાનું તેમણે કહ્યું હતું. સુરત મહાનગરપાલિકાની આવનારી ચૂંટણીને ધ્યાનમાં રાખીને કેજરીવાલે વચન આપ્યું હતું કે, જો સુરતમાં 'આપ'ની સરકાર બનશે તો પંજાબ અને દિલ્હીની જેમ મફત વીજળી, સારા શિક્ષણ અને સારવારની સુવિધા આપવામાં આવશે. ઉપરાંત મહિલાઓને આર્થિક સહાય પણ આપવામાં આવશે.

યુદ્ધની અસરથી ક્રૂડ ઓઇલ અને યાર્નના ભાવ આસમાને

પોલિએસ્ટર યાર્નમાં 7થી 10 દિવસમાં કિલો દીઠ 20, નાયલોન યાર્નમાં 25થી 40 રૂપિયાનો ઉછાળો

યાર્ન સેલ ક્લોઝના મેસેજથી વિવર્સ પર દબાણ, આયાતી યાર્ન પર MIP કે ADD લાદવાની સ્પિનર્સની દરખાસ્ત રદ કરવાની અપીલ

સુરતઃ અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સર્જાયેલી યુદ્ધ જેવી સ્થિતિની અસર હવે આંતરરાષ્ટ્રીય માર્કેટમાં જોવા મળી રહી છે. તેના કારણે ક્રૂડ ઓઇલના ભાવમાં ધરખમ વધારો થયો છે, જેનો સીધો પ્રભાવ ટેક્સટાઇલ ઉદ્યોગ પર પડ્યો છે. ક્રૂડ ઓઇલ યાર્ન બનાવવામાં ઉપયોગી મહત્ત્વનું રો મટિરિયલ હોવાથી તેના ભાવમાં તેજી આવતાં સુરતના યાર્ન માર્કેટમાં પણ ભારે ઉછાળો નોંધાયો છે.

મળતી માહિતી મુજબ 4 માર્ચે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઇલનો ભાવ આશરે 73 ડોલર હતો, જે વધીને સોમવારે સવારે 120 ડોલર સુધી પહોંચી ગયો હતો. સાંજ સુધીમાં તે લગભગ 114 ડોલર આસપાસ રહ્યો હતો. આ વધારાની સીધી અસર યાર્નના ભાવ પર પડી છે. સચિન ઇન્ડસ્ટ્રિયલ સોસાયટીના સેક્રેટરી મયૂર ગોળવાલાએ જણાવ્યું હતું કે, વિવિંગ ક્ષેત્રમાં ખાસ કરીને પોલિએસ્ટર, વિસ્કોસ અને નાયલોન યાર્નનો મોટા પાયે ઉપયોગ થાય છે. સ્પીનર્સ દ્વારા છેલ્લા 7થી 10 દિવસમાં પોલિએસ્ટર યાર્નના ભાવમાં પ્રતિ કિલો અંદાજે રૂ.20નો વધારો કરવામાં આવ્યો છે. નાયલોન યાર્નમાં 25થી 40 રૂપિયાનો ઉછાળો જોવા મળ્યો છે. સોમવારે બજાર ખૂલતાં જ નાયલોન સ્પીનર્સ દ્વારા વિવર્સને "યાર્ન સેલ ક્લોઝ"ના મેસેજ મોકલવામાં આવ્યા હતા. છેલ્લા એક અઠવાડિયાથી સ્પીનર્સ આંતરરાષ્ટ્રીય ક્રૂડ ઓઇલના રેટના આધારે યાર્નના ભાવ નક્કી કરી રહ્યા છે અને તે પણ રેડી ડિલિવરીની શરતે જ આપી રહ્યા છે. જેના કારણે વિવર્સ ભારે મુશ્કેલીમાં મુકાયા છે.

રાતોરાત યાર્નના ભાવ વધતાં વિવર્સની લાગત મૂડીમાં પણ વધારો થયો છે. બીજી તરફ માર્કેટમાં ગ્રે કાપડના વેપારીઓ પાસેથી પેમેન્ટ મેળવવાની સમયસીમા હાલ લગભગ 30 દિવસની હોવાથી નાના અને મધ્યમ વિવર્સ માટે આ સ્થિતિ વધુ મુશ્કેલ બની છે. કેટલાક મોટા વિવર્સ જે ખાસ પ્રકારની ક્વોલિટીનું કાપડ બનાવે છે તેઓ ભાવવધારો કાપડના ભાવમાં ટ્રાન્સફર કરી શકે છે, પરંતુ સામાન્ય ક્વોલિટી બનાવતા વિવર્સ માટે ડિમાન્ડ અને સપ્લાયના કારણે આવું શક્ય નથી. આવા સંજોગોમાં વિવર્સોને જો ગ્રે કાપડ બનાવવામાં પોષાણ ન મળે તો અઠવાડિયામાં 2થી 3 દિવસ ખાતામાં રજા રાખવી વધુ હિતાવહ રહેશે તેવી સલાહ આપવામાં આવી છે.

વધુમાં છેલ્લા 7 દિવસમાં નાયલોન મધર યાર્ન અને ફિલામેન્ટ યાર્નના ભાવમાં પ્રતિ કિલો રૂ.25થી 30નો વધારો નોંધાયો છે. વિવર્સ અગ્રણી મયૂર ગોળવાલાના જણાવ્યા મુજબ સ્પીનર્સ દ્વારા ઉદ્યોગને બાનમાં રાખી યાર્નના સેલ બંધ કરી ભાવ વધારવામાં આવ્યા છે. વધારેલા ભાવમાં યાર્ન ખરીદી કાપડ બનાવવું વિવર્સ માટે શક્ય નથી, જેના કારણે વિવિંગ ઉદ્યોગમાં તાળાં મારવાની નોબત આવી શકે છે. હાલ ક્રૂડ ઓઇલના વધેલા ભાવના આધારે ચિપ્સની બુકિંગ પણ કરવામાં આવી નથી. છતાં યાર્નના ભાવમાં કમરતોડ વધારો કરવામાં આવ્યો છે, જે કૃત્રિમ કાર્ટેલિંગની આશંકા ઊભી કરે છે. આ મામલે આગામી દિવસોમાં કોમ્પિટિશન કમિશન ઓફ ઇન્ડિયામાં ફરિયાદ કરવાની પણ તૈયારી ચાલી રહી છે.

રેપિયર જેકાર્ડ વિવર્સની સ્થિતિ અત્યંત કફોડી, 50% ટકા કાપ: મહેન્દ્ર રામોલિયા

સચિન જીઆઈડીસીના અગ્રણી વિવર મહેન્દ્ર રામોલિયાના જણાવ્યા મુજબ હાલમાં રેપિયર જેકાર્ડ વિવર્સની સ્થિતિ અત્યંત કફોડી બની છે. અમેરિકાએ ઈઝરાયલ સાથે મળી ઈરાન સામે આક્રમક વલણ દાખવતા મિડલ ઈસ્ટમાં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ છે, જેના કારણે કાચા માલના ભાવમાં વધારો થવાની અસર યાર્ન બજારમાં પણ જોવા મળી રહી છે. આ સાથે જ માર્કેટમાં ગ્રે કાપડની માંગ પણ નોંધપાત્ર રીતે ઘટી ગઈ છે. યાર્નના ભાવમાં તાજેતરમાં કિલોએ આશરે રૂ.40 જેટલો વધારો થતાં વિવર્સ માટે ઉત્પાદન ખર્ચ વધી ગયો છે. આવી પરિસ્થિતિમાં તૈયાર થતું કાપડ યોગ્ય ભાવમાં વેચાય નહીં તો વેપારીઓને નુકસાન સહન કરવું પડે તેવી સ્થિતિ ઊભી થઈ છે. હોળી પર્વને કારણે મોટી સંખ્યામાં કારીગરો પોતાના વતન તરફ રવાના થતા પાવરલૂમ અને રેપિયર લૂમમાં ઉત્પાદન પણ લગભગ 50 ટકા જેટલું ઘટી ગયું હોવાનું ઉદ્યોગ સાથે જોડાયેલા લોકો જણાવે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રેપિયર જેકાર્ડ વિવર્સ એસોસિએશન દ્વારા તાત્કાલિક બેઠક બોલાવી સ્થિતિ પર ચર્ચા કરવાની માંગ કરી છે.

ફળ-શાકભાજી, સી ફૂડ, કાપડ મુંબઈ પોર્ટ પર અટક્યાં

કંડલા પોર્ટ પર મિડલ ઈસ્ટના દેશોમાં જતાં મીઠું, ખાંડ, ચોખા, તલ, કેમિકલના કન્ટેનરની ડિલિવરી અટકી

સુરતઃ ગુજરાતના કંડલા પોર્ટ અને JNPT પોર્ટથી મિડલ ઈસ્ટમાં વિવિધ કાર્ગોની નિકાસ થાય છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતમાંથી ફળ, ફુલ-શાકભાજી, સી ફૂડ અને કાપડની મુખ્ય નિકાસ મુંબઈના JNPT પોર્ટથી થાય છે જ્યારે કચ્છના કંડલા પોર્ટ પરથી મીઠું, અનાજ અને કેમિકલ જેવા બલ્ક કાર્ગો થકી નિકાસ થાય છે. સુરત સહિત દક્ષિણ ગુજરાતના નિકાસકારોના જણાવ્યા મુજબ અમેરિકા, ઈઝરાયલ દ્વારા ઈરાન પર હુમલો કરવામા આવ્યા પછી ઈરાન દ્વારા વળતી પ્રતિક્રિયા સ્વરૂપે ઈઝરાયલ ઉપરાંત 8 આરબ દેશમાં અમેરિકન બેઝ પર હુમલો કરવામાં આવતા એર કાર્ગો અને પોર્ટ કાર્ગો સુવિધા છેલ્લા 9 દિવસથી બંધ પડી છે. સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી પહોંચેલા ફળ-શાકભાજી, સી ફૂડ અને કાપડ મુંબઈ પોર્ટ પર અટક્યા છે. નિકાસકારોને ડેમરેજ ચાર્જ ચૂકવવાનું વધ્યું છે. કેટલીક પ્રોડક્ટ ખરાબ પણ થઈ છે. એ રીતે નિકાસકારોને મુદ્દામાલનું નુકસાન અલગથી થઈ રહ્યું છે. એવી જ રીતે ગુજરાતના કચ્છ જિલ્લાના કંડલા પોર્ટ પરથી કંડલા પોર્ટ પરથી મિડલ ઈસ્ટના UAE, સાઉદી અરેબિયા, ઓમાન, બેહરીન સહિતના મિડલ ઈસ્ટના દેશોમાં જતાં મીઠું, ખાંડ, ચોખા, તલ, કેમિકલ, મિનરલ્સના કન્ટેનરની ડિલિવરી અટકી પડી છે. કચ્છ જિલ્લામાં આવેલ કંડલા પોર્ટ મુખ્યત્વે બલ્ક અને બ્રેક-બલ્ક કાર્ગો માટે પ્રખ્યાત છે. ખાસ કરીને ગુજરાતમાં ઉત્પાદિત મીઠાની નિકાસ માટે કંડલા પોર્ટ મહત્વનું કેન્દ્ર માનવામાં આવે છે અને તે મિડલ ઈસ્ટ તેમજ આફ્રિકાના અનેક દેશોમાં પહોંચે છે.

વેન્ડર્સ પોલિસીને સુરત મનપાના શાસકોની મંજૂરી

પોલિસીના અમલ માટે એજન્સીની નિમણૂક કરાઈઃ પ્રતિ વેન્ડર 486 ચૂકવાશે

સુરતઃ ધી સ્ટ્રીટ વેન્ડર્સ એક્ટ-2014ની જોગવાઈઓના અમલીકરણ માટે સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના ફેરિયાઓના અદ્યતન સરવેની કામગીરી હાથ ધરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્થાયી સમિતિના ચેરમેન રાજન પટેલે વિગતો આપતા જણાવ્યું હતું કે, અગાઉ વર્ષ 2016-17માં ફેરિયાઓનો સરવે કરવામાં આવ્યો હતો, જેમાં તે સમયે કુલ 28,970 ફેરિયાઓની નોંધણી થઈ હતી. જો કે, છેલ્લાં સાત-આઠ વર્ષમાં શહેરના ભૌગોલિક વિસ્તાર અને વસતીમાં થયેલા વધારાને પગલે ફેરિયાઓની સંખ્યામાં પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. આ સ્થિતિમાં જૂનો ડેટા અપ્રસ્તુત બન્યો હોવાથી ફરીથી રિ-સરવે કરવો જરૂરી બન્યો છે. પાલિકા દ્વારા આ કામગીરી માટે મંગાવવામાં આવેલી ઓફરમાં 'અથર્વ પ્લાનિંગ એન્ડ રિસર્ચ સેન્ટર' દ્વારા પ્રતિ વેન્ડર દીઠ 486ના ભાવની ઓફર આપવામાં આવી હતી, જેને મંજૂરી આપવામાં આવી છે. નવી નિમાયેલી એજન્સી હવે સમગ્ર સુરત શહેર વિસ્તારમાં ફેરિયાઓનો સરવે કરી નવો ડેટાબેઝ તૈયાર કરશે. આ સરવેના આધારે ફેરિયાઓને કાયદેસરનાં આઈકાર્ડ અપાશે, જેનાથી ઘર્ષણ ટાળી શકાશે. કયા વિસ્તારમાં ફેરિયાઓ બેસી શકશે અને કયા વિસ્તારો 'નો-વેન્ડિંગ ઝોન' રહેશે તે સ્પષ્ટ થશે.

પનાસ માટે એજન્સી ન મળતાં ગણેશ આવાસ સાથે મર્જ કરાશે

ગણેશ આવાસના 480 ફ્લેટ પણ આ સ્કીમમાં મર્જ કરી નવી સ્કીમ માટે રાજ્ય સરકારની મંજૂરી મંગાઈ

સુરતઃ પનાસ કેનાલ પાસે આવેલાં EWS આવાસોના રિડેવલપમેન્ટ માટે વારંવાર ટેન્ડર પાડવા છતાં કોઈ ડેવલપર એજન્સી આગળ ન આવતાં હવે પાલિકાએ નવી રીત અજમાવવાનો નિર્ણય કર્યો છે. સ્થાયી સમિતિએ પનાસ આવાસ સાથે રોડની સામે આવેલી જર્જરિત સ્થિતિમાં રહેલી ગણેશ આવાસ સ્કીમને મર્જ કરી ફરીથી ટેન્ડર બહાર પાડવા માટે રાજ્ય સરકારની મંજૂરી માંગવાનો નિર્ણય કર્યો છે. આ આયોજન મુજબ પનાસ આવાસમાં અંદાજે 700 અને ગણેશ આવાસમાં આશરે 480 ફ્લેટ મળી કુલ લગભગ 1184 આવાસના રિડેવલપમેન્ટનો પ્રોજેક્ટ તૈયાર થશે. પાલિકા અધિકારીઓના જણાવ્યા મુજબ બંને સ્કીમને એક સાથે જોડીને વિકાસ કરવામાં આવે તો એક સ્થળે લાભાર્થીઓ માટે આવાસ તૈયાર કરી શકાય અને બીજી જગ્યાએ ડેવલપરને કોમર્શિયલ ડેવલપમેન્ટની મંજૂરી આપી શકાય. આ મોડલથી ડેવલપર એજન્સીને આર્થિક રીતે પ્રોજેક્ટ લાભદાયી બનવાની શક્યતા હોવાથી યોગ્ય પ્રતિસાદ મળવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. અઠવા ઝોન વિસ્તારમાં આવેલા પનાસ કેનાલ નજીકના પ્રજ્ઞા આવાસ સુરત પાલિકાએ વર્ષ-2002માં બનાવ્યા હતા.

જાહેર નોટીસ

મહેરબાન સુરતના એડીશનલ સ્મોલ કોઝ જજ શ્રી બી.સી.ભલીયા સાહેબની કોર્ટમાં.
રૂમ નંબર – ૭૧૯, સાતમાં માળે, ન્યુ કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત.

આંક –
સ્મોલ દિ.મુ. નંબરઃ ૩૬૫ સને ૨૦૧૯.
વાદીના વકીલ શ્રી જતીન જે. ગાંધી/
વકીલ શ્રી શૈલેષ વી. જાદવાણી

વાદી :– સુરેશચંદ્ર બાલુભાઈ લાકડાવાલા વિગેરે.
વિરૂધ્ધ
પ્રતિવાદી :– ગલેમંડી ચાર સંપ્રદાય મંદિર ટ્રસ્ટ વિગેરે.

પ્રતિવાદી નંબર – (૧૪) :– **વિરેન્દ્રભાઈ ગોવિંદભાઈ ડોબરીયા,** ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ડોબરીયા એસ્ટેટ, નગીનાવાડી સોસાયટીની બાજુમાં, સુમુલ ડેરી રોડ, સુરત.
પ્રતિવાદી નંબર – (૧૫) :– **હસમુખભાઈ શંભુભાઈ ચોવડીયા,** ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૧/૪૦૩, ડુબી એપાર્ટમેન્ટ, વરાછા રોડ, સુરત.
પ્રતિવાદી નંબર – (૧૬) :– **પ્રવિણભાઈ વજુભાઈ ગજેરા,** ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૧/૩–૧૦૦૪, મોડેલ ટાઉન એજન્સી, સારોલી સાંસ્કૃતિક ભવન પાસે, સારોલી, સુરત.
પ્રતિવાદી નંબર – (૧૭) :– **પ્રફુલભાઈ ગોવિંદભાઈ ડોબારીયા,** ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ડોબરીયા એસ્ટેટ, નગીનાવાડી સોસાયટીની બાજુમાં, સુમુલ ડેરી રોડ, સુરત.
પ્રતિવાદી નંબર – (૧૮) :– **વિઠલભાઈ કેશવભાઈ ઝડફીયા,** ઉમર આશરે વર્ષ –પુખ્તવયના ધંધો –વેપાર, રહેવાસી – ૩૦૨, એ/૧, અભિષેક બિલ્ડીંગ, સુદામા ચોક, મોટા વરાછા, સુરત.

આથી લાગતા વળગતા તમામ ઈસમોને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે